# રાયપુરમાં ટાઈ પડતા રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી

## ચીઠ્ઠીમાં લક્ષ્મણજી સોલંકી વિજેતા જાહેર થયા : મામલતદારે ચીઠ્ઠી બનાવી અને ચૂંટણી અધિકારીએ ઉપાડી



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં રાયપુર ગ્રામ પંચાયતની સરપંચની ચૂંટણીમાં ટાઈ પડતાં વિજેતા ઉમેદવાર ચીઠ્ઠી ઉછાળીને નક્કી કરવામાં આવેલ.

રાત્રે મતગણતરી દરમિયાન સરપંચ પદના ચતુષ્કોણીય જંગમાં પંકજકુમાર કેશવભાઈ પટેલ અને લક્ષ્મણજી માધાજી સોલંકીને એક સરખા મત મળ્યા હતા. આ પછી રિકાઉન્ટીંગની માંગ કરવામાં આવતાં ચૂંટણી અધિકારી શ્રીમતી કાપડિયા અને મદદનીશ ચૂંટણી અધિકારી બ્રહ્મભટ્ટે પરામર્શ કરી રિકાઉન્ટીંગ અરજી ગ્રાહ્ય રાખી હતી.

બંધ બારણે રિકાઉન્ટીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને રિકાઉન્ટીંગમાં પણ આ બંને ઉમેદવારના મત સરખા નીકળ્યા હતા. ઉભી થયેલી પરિસ્થિતિની જાણકારી મામલતદાર શ્રી અમીત જોશીને કરવામાં આવી હતી.

શ્રી જોશી કાઉન્ટીંગ હોલમાં પહોંચ્યા હતા અને તેમણે આ બાબતે હરિફ ઉમેદવારો સાથે વાતચીત કરી અને ચિઠ્ઠી કે સિક્કો ઉછાળવાનો વિકલ્પ સૂચવ્યો હતો. જેમાં ચિઠ્ઠીનો વિકલ્પ સ્વીકારવામાં આવ્યો હતો.

આ દરમિયાન સમગ્ર બાબતનું રોજકામ કરી મામલતદાર જોશીએ ચિઠ્ઠીઓ ઉછાળી હતી અને ચિઠ્ઠી ચૂંટણી અધિકારી કાપડિયાએ ઉપાડતાં શ્રી લક્ષ્મણજી માધાજી સોલંકીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આ ચતુષ્કોણીય જંગમાં ટીનુજી કે. ડાભીને ૪૬૫ તેમજ અન્ય ઉમેદવાર રાજેન્દ્ર જોશીને ૩૦ મત મળ્યા હતા. ૧૦ મત નોટામાં પડયા હતા જયારે ૭૬ મત રદ થયા હતા.

એક તબક્કે બંને ઉમેદવારો અઢી-અઢી વર્ષની મુદત માટે સહમતિ સાધતા હોય તેવું જણાયું હતું પરંતુ માલતદારશ્રીએ આવી અને કાનૂની સ્થિતિ સ્પષ્ટ કરી હતી.

રાયપુરમાં મતગણતરીમાં થયેલી ટાઈએ ભારે રાજકીય ઉત્તેજનાઓ ફેલાવી હતી. મળતી વિગતો પ્રમાણે પંકજભાઈ પટેલ ભાજપના અગ્રણી હિતેન્દ્ર પટેલના પરિવારમાં સગા થતા હોઈ રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી હતી. ટાઈ પડયાની ઘટનાની જાણ થતાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર પણ મોડી રાત્રે કાઉન્ટીંગ સેન્ટર પર દોડી આવ્યા હતા.

## કોંગ્રેસ માટે ‘ગઢ આલા પણ સિંહ ગેલા’ જેવી સ્થિતિ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ગયા છે. આ પરિણામોમાં કોંગ્રેસની સ્થિતિ ગઢ આલા પણ સિંહ ગેલા જેવી થવા પામી છે.

કોંગ્રેસની મજબુત ગણાતી સીટો અને ગામોમાં જ કોંગ્રેસનો પરાજય થવા પામ્યો છે. જિલ્લા કોંગ્રેસના પ્રવકતા અને અગ્રણી યાકુબ મન્સુરીના ધર્મપત્ની શાબેરાબેન મન્સુરી જે ચિલોડામાં સરપંચપદનો પ્રતિષ્ઠાભર્યો જંગ હારી ગયા છે. તેમનો પરાજય પણ ૬૦૦થી વધુ મતે થયો છે. તેમના ચૂટણી પ્રચારમાં છેક છેલ્લી ઘડી સુધીના મરણિયા પ્રયાસો કોંગી આગેવાનોએ કર્યા હતા. પૂર્વ જિલ્લા પ્રમુખ જશુભા રાણા પણ તેમના પ્રચારમાં સક્રિય હતા. આવો જ બીજો પરાજય જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ શિવરામભાઈ ચૌધરીના ધર્મપત્ની શાંતાબેન ચૌધરી જે દશેલામાં સરપંચપદના જંગમાં મેદાનમાં હતા તેમનો ૪૦ મતે પરાજય થયો છે. શિવરામભાઈએ રિકાઉન્ટીંગની માંગણી કરી હતી પરંતુ ચૂંટણી અધિકારીએ તે ગ્રાહ્ય રાખી ન હતી.

આ ઉપરાંત કોલવડામાં સરપંચ પદ માટે જંગ લડી રહેલા મનુભા વાઘેલાનો પણ ૬૦૦ જેટલા મતે પરાજય થયો હતો.

જો કે કોંગ્રેસે કુડાસણની બેઠક પર જિલ્લા પંચાયતના પ્રમુખ હીના પટેલ સામે લડવાની દાવેદારી કરનાર અંબાલાલ પટેલ વિજયી થતાં થોડીક રાહત અનુભવી છે તો ઉનાવામાં સરપંચ પદ માટે સંગીતાબેન પટેલ વિજયી થતા પણ રાહતમાં વધારો થયો છે. આ ઉપરાંત સરઢવમાં પણ ભાજપની પંચાયતના પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન ઉષાબેન પટેલ ૩૦૦ મતે વિજયી થયા છે.

ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં ભાજપે સારું એવું સ્થાન મેળવવામાં સફળતા મેળવી છે. છાલા, ચિલોડા જેવી મહત્વની પંચાયતો મેળવવામાં ભાજપે સફળતા મેળવી છે. રાયપુરમાં નસીબે ભાજપને સાથ આપ્યો નથી.

## સૌથી મોટી સરસાઈ ઉવારસદની તો લવારપુરમાં સરપંચ ૪ મતથી વિજયી

ગાંધીનગર, તા.૩૦

પંચાયતોની ચૂંટણીમાં સૌથી મોટી સરસાઈ ઉવારસદના ગૌરીબેન જગાજી ઠાકોરે બે હજારથી વધુ મતની મેળવી છે. રાયપુરમાં ટાઈ પડી હતી તો લવારપુરમાં સરપંચના ઉમેદવાર માત્ર ૪ મતે વિજયી જાહેર થયા છે.

ગાંધીનગર તાલુકામાં ૧ હજાર કે તેથી વધુ મતોની સરસાઈ મેળવનારાઓમાં છાલાના ચંચળબેન મણિભાઈ પટેલનો સમાવેશ થાય છે જયારે ૩૦૦થી વધુ મતોની સરસાઈ મેળવનારા સરપંચના વિજેતા ઉમેદવારોની સંખ્યા ૮ થી ૧૦ જેટલી છે.

વોર્ડમાં ૧ મતની સરસાઈથી વિજેતા થવાના બનાવો પણ મતગણતરી દરમિયાન બહાર આવવા પામ્યા છે. ૧, ૪, ૬, ૮, ૧૦, ૧૨ મતોની સરસાઈ ધરાવી વિજેતા બનનાર સભ્યોની સંખ્યા પણ અંદાજે ૨૦ જેટલી હોવાનું જાણવા મળેલ છે.

વિગતવાર પરિણામો તૈયાર થઈ રહ્યા છે અને એક-બે દિવસમાં જ નવી પંચાયતોની રચના માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે તેમ રાજય ચૂંટણીપંચના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં મતગણતરીનું કાર્ય આજે સવારે ૭ વાગ્યા સુધી ચાલ્યું હતું. જેથી પરિણામો વિગતવાર તૈયાર કરવામાં હજુ એકાદ બે દિવસનો સમય લાગશે.

## સરપંચપદે વિજયી બનેલા ઉમેદવારો

| ગ્રામ પંચાયત | વિજયી ઉમેદવાર |
|---|---|
| અંબાપુર | ઠાકોર સુરેશ મફતજી |
| અમીયાપુર | માણેકજી ખોડાજી ઠાકોર |
| આદરજ મોટી | ગૌરીબેન વિરમજી ઠાકોર |
| આલમપુર | સુર્યાબેન હિરાજી સોલંકી |
| ઈસનપુર | રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ |
| ઉનાવા | પટેલ સંગીતાબેન પિયુષકુમાર |
| કાકાનું તારાપુર | બારોટ હિતેશભાઈ અવિનાશભાઈ |
| કાનપુર | બળદેવભાઈ કોદરભાઈ પટેલ |
| કોટેશ્વર | અલ્પેશભાઈ નટવરભાઈ પટેલ |
| કોબા | યોગેશકુમાર ભીખાભાઈ વાળંદ |
| ગલુદણ | બળેદવજી બબાજી ઠાકોર |
| ગીયોડ | કોદીબેન મણાભાઈ પટેલ |
| ચંદ્રાલા | વિનોદભાઈ હીરાભાઈ પટેલ |
| ચેખલા રાણી | શારદાબેન સુરેશજી ઠાકોર |
| જમીયતપુરા | છોટાજી નાથાજી ઠાકોર |
| જલુંદ | ઠાકોર જયોત્સનાબેન રમેશજી |
| જાખોરા | કમલેશ કોદરભાઈ પટેલ |
| ઝુંડાલ | ગોહિલ વર્ષાબેન બિપિનભાઈ |
| ટીંટોડા | ઠાકોર ચેતનાબેન કાનાજી |
| તારાપુર | ઠાકોર ગૌરીબેન દશરથજી |
| દંતાલી | પાછીબેન બળદેવજી ઠાકોર |
| ધણપ | મેલાભાઈ રમણજી ઠાકોર |
| નવા | અમરસિંહ કિશોરસિંહ રાણા |
| ફિરોઝપુર | રાવજીભાઈ શકરાજી જાદવ |
| પુન્દ્રાસણ | ઠાકોર બળદેવજી જેસંગજી |
| પોર | ઠાકોર કાનાજી શકરાજી |
| પ્રાંતિયા | જશીબેન જુહાજી ઠાકોર |
| ભોંયણ | કૈલાસબેન પ્રવિણભાઈ |
| મગોડી | કેશાજી નાથાજી ઠાકોર |
| મહુન્દ્રા | આશાબેન નટવરજી ઠાકોર |
| માધવગઢ | શારદાબેન કાળાજી રાઠોડ |
| મેદરા | જશુભાઈ ધનજીભાઈ સોલંકી |
| મોતીપુરા | નિરુબેન રોહિતભાઈ પટેલ |
| રતનપુર | સેતાનસિંહ પ્રતાપસિંહ બિહોલા |
| રાંધેજા | પરમાર લક્ષ્મણજી જશુજી |
| લવારપુર | હર્ષદભાઈ ત્રિભોવનદાસ પટેલ |

● અનુસંધાન પાના ૭ પર

## જિલ્લા પંચાયતમાં ઉમેદવારીપત્ર પાછુ ખેંચનાર સાસુ શોભારબા વાઘેલા વાસનમાં હાર્યા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ ભાજપમાં થોડોક ગેલમાં આવી ગયેલો જણાય છે પણ રાંધેજાની બેઠક પર બિનહરિફ વિજેતા થનાર સુશીલાબેન વાઘેલા તેમના સાસુ શોભારબાને વાસનના સરપંચપદનો જંગ જીતાડવામાં નિષ્ફળ પુરવાર થયા છે.

વાસન બે વિપક્ષી નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનું વતન છે અહીં કોંગ્રેસે વિજય મેળવ્યો છે. સરપંચપદના જંગમાં શોભારબા વાઘેલા ત્રીજા નંબરે આવ્યા છે જયારે કોંગ્રેસ સમર્થિત પ્રિયંકાબા વિજયસિંહ વાઘેલા જંગમાં ૬૦૦થી વધુ મતે વિજયી થયા છે.

ભાજપ માટે આનંદનો મુદ્દો એ બન્યો છે કે છાલા અને ચિલોડા ગ્રામ પંચાયતમાં કોંગી સમર્થિત ઉમેદવારોનો ૧૦૦૦ અને ૬૦૦ જેવા જંગી મતથી પરાજય થયો છે.

છાલામાં નિવૃત્ત એડીશનલ કલેકટર મણિભાઈ ચૌધરીના પત્ની ચંચળબા ચૌધરી ૧૦૦૦થી વધુ મતે વિજયી થયા છે જયારે ચિલોડામાં કોંગી આગેવાન યાકુબ મન્સુરીના પત્ની શાબેરાબેનનો ૬૦૦ મતથી પરાજય થયો છે.



ન્યુયરને વેલકમ કરવા માટે શહેરના નજીકના શ્રીયા ફાર્મમાં નવતર આયોજન કરવામાં આવ્યુ છે. શ્રીયા ફાર્મમાં યુવાનો માટે ડી જે પાર્ટી ઉપરાંત બાળકો માટે ગેમ ઝોન તૈયાર કરાયો છે. નાના બાળકોથી માંડી મોટી ઉંમરના પારિવારિક માહોલમાં નવા વર્ષની ઉજવણી કરી શકે તેવા વાતાવરણમાં ગામઠી અને ટ્રેડિશનલ લુક આપતી પ્રતિકૃતિઓ વચ્ચે સેલ્ફી લેવા માટે પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. ડાયમંડ ગૃપના સી ઈ ઓ જીગર ત્રિવેદીના જણાંવ્યા મુજબ શ્રીયા ફાર્મમાં નવા વર્ષની ઉજવણી અન્વયે એન્કર વિવિધ ગેમ્સ પ્લે કરાવીને મુલાકાતીઓને મનોરંજન પુરુ પાડવામાં આવશે. આકરી ઠંડીમાં ન્યુયરની ઉજવણીમાં કેમ્પ ફાયરની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

# મહાત્મા મંદિર પાસે મુલાકાતીઓને રાહ ચિંધતા સાઈન બોર્ડ્સ જ ઉંધી દિશામાં

**સાઇન બોર્ડ્સ પાછળ ગત વાઇબ્રન્ટ સમિટમાં લાખોનો ખર્ચ કરયો હતો : આડા દિવસે વૃક્ષોની આડશ નીચે ઢંકાયેલા સાઇન બોર્ડ્સ પાછળ ગત વાઇબ્રન્ટમાં લાખોનો ખર્ચ કરાયો હતો**

ગાંધીનગર તા ૩૦

નગરમાં બહારથી આવતા મુલાકાતીઓને દિશા ચિંધવા મુકાયેલા સાઈન બોર્ડસ જ ઉંધા લગાવી દેવાતા રાહદારીઓ ગોથે ચડે તેવી સ્થિતિ સર્જાઇ છે. અગાઉ પણ સાઈન બાર્ડસ પાછળ લાખોનુ પાણીઢોળ કરાયા બાદ આડા દિવસે વૃક્ષોની આડશ બનતી ડાળીઓના લીધે રાહદારીઓને વિઝન મળતુ ન હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મહાત્મા મંદિરના હાઈપ્રોફાઈલ વિસ્તારમાં તંત્રએ સાઈન બોર્ડ લગાવાના મામલે જ ભાંગરો વાટયો હોવાનુ તસવીર પરથી ફલિત થાય છે.




શહેરમાં સાઈન બાર્ડ લગાવવા માટે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જો કે આડા દિવસે સાઈન બોર્ડ માટે અવરોધરૂપ બનતી વૃક્ષોની ડાળીઓના લીધે રાહદારીઓના વિઝનમા બોર્ડ આવતા ન હોવાથી આ ખર્ચ પર પાણોઢોળ થયુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. અગાઉ તંત્ર દ્વારા સાઈન બાર્ડસ લગાવાયા બાદ જિલ્લા પોલીસ વડાની કચેરી જ અવળી દિશામાં દર્શાવાઈ હતી. જો કે ભુલભુલૈયામાંથી નાગરિકોને ઉગારવા તંત્ર કક્ષાએ બોર્ડની દિશા સુધારવા નવુ અભિયાન ઉપાડયુ હતુ. પરંતુ સાઈન બોર્ડસના મામલે કામગીરમાં ચિવટાઈના અભાવે રાહદારીઓ બોર્ડસ જોઈને માથુ ખંજવાળે તેવી દશા થતી હોવાનો પણ રોષ પ્રબળ બન્યો છે. આ વખતે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન અમુક જ ઠેકાણે સાઈન બોર્ડ જરૂર મુજબ લગાવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આંગળીના વેઢે ગણાંય તેટલા નવા બાર્ડસ લગાવાના મામલે પણ ગંભીર ભુલો છતી થઇ છે. તંત્રની બેદરકારીના લીધે સાઈન બોર્ડ જ ઉંધી દિશામાં લગાવી દેવાતા મુલાકાતીઓ ગોથે ચઢે તેવી સ્થિતિ સર્જાઈ છે. મહાત્મા મંદિર પાસે લગાવાયેલ બોર્ડસ પણ આવી જ હાલતમાં છે. સ્વામી વિવેકાનંદ માર્ગ તેમજ સ્પોર્ટસ સંકુલ તરફ જવાની દિશા ચિંધતા બોર્ડસ ઉંધા સીધા ચિપકાવી દેવાયા છે.

# નગરપાલિકાના કર્મચારીઓ સાતમા પગારપંચથી વંચિત

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયમાં આવેલ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને સાતમું પગારપંચ આપવામાં આવ્યું નથી. રાજય સરકાર પાલિકાના કર્મચારીઓ સામે બેધારી નિતી અપનાવી રહી છે. સરકારને અનેકવાર લેખિત રજુઆતો કર્યા બાદ પણ પેટનું પાણી હાલતું નથી ત્યારે કર્મચારી આક્રમક મુડમાં જોવા મળી રહ્યા છે. આગામી સમયમાં નગરપાલિકાના કર્મચારીઓની ખાલી જગ્યા ભરવી અને કર્મચારીઓને સાતમું પગાર પંચ આપવું. આ બે મુખ્ય મુદ્દાને લઈ કર્મચારીઓએ ઉચ્ચ કક્ષાએ આવેદનપત્ર આપી રજુઆત કરી છે. ત્યારે ટુંક સમયમાં સરકાર કક્ષાએથી હકારાત્મક વલણ નહીં અપનાવે તો કર્મચારી વાયબ્રન્ટ સમિટ અને સેવાસેતુ કાર્યક્રમનો વિરોધ કરશે તેમ અખિલ ગુજરાત નગરપાલિકા મહામંડળના પ્રમુખ અશોક રાઠોડે જણાવ્યું છે.

ગુજરાત રાજયની ૧૬૨ નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને સાતમું પગારપંચ આપવામાં આવ્યું નથી. હજુય કેટલીય એવી પાલિકા રાજયમાં છે જેમાં ચોથું અને પાંચમુ પગારપંચ કર્મચારીઓને આપવામાં આવ્યું છે. રાજયની નગરપાલિકાઓમાં કર્મચારીઓની અઢળક જગ્યા ખાલી છે તે વર્ષોની રજુઆત છતાં પણ ભરાતી નથી. જેથી કર્મચારીઓ પર કામનો બોજ વધુ રહે છે. વર્ષોથી પ્રમોશનને આરે આવેલા કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવ્યા નથી ત્યારે અખિલ ગુજરાત નગરપાલિકા મહામંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે.

જેમાં કર્મચારીઓની ભરતી કરવી અને સાતમું પગાર પંચ આપવું. વારંવારની રજુઆત છતાં માંગણી નહીં સંતોષાતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે ટુંક સમયમાં સરકાર કક્ષાએથી હકારાત્મક અભિગમ નહીં અપનાવે તો કર્મચારીઓ વાઈબ્રન્ટ અને સેવાસેતુ કાર્યક્રમનો વિરોધ કરશે.

# આજે ડૉ. જય ઓઝાના પાંચ પુસ્તકોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સમાચારની લોકપ્રિય કોલમ ‘વિચારયાત્રા’ના કોલમિસ્ટ તથા યુવા સર્જક ડૉ. જય ઓઝાના પંચામૃત જેવા પાંચ પુસતકોનું લોકાર્પણ તા.૩૧મી ડિસેમ્બર શનિવારે સાંજે ૪ કલાકે સેકટર-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ખાતે યોજવામાં આવ્યુ છે. આ સમારંભમાં સમદર્શન આશ્રમના પૂ. ગુરુમા સમાનંદજીની પ્રેરક ઉપસ્થિતિ સાથે મુખ્ય અતિથિપદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા તથા સાહિત્યકાર-પત્રકાર રોહિત શાહ ઉપસ્થિત રહેશે.

ડૉ. જય ઓઝાની કોલમ ‘વિચારયાત્રા’ વર્ષ ૨૦૦૬થી અવિરત પ્રસિદ્ધ થઈ રહી છે. આ કોલમના પસંદ કરાયેલા લેખોનું ચોકસાઈપૂર્વક વર્ગીકરણના પરિપાકરૂપે પંચામૃત જેવા પાંચ પુસ્તકો પ્રગટ થઈ રહ્યા છે. જેમાં અંતરયાત્રા, ચિંતનયાત્રા, સંબંધયાત્ર, વિકાસયાત્રા અને જીવનયાત્રાનો સમાવેશ થાય છે. તમામ પુસ્તકો ગુર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત કરાઈ રહ્યાં છે.



**સાંસદ પરેશ રાવલ દ્વારા દત્તક લીધેલા જાખોરા ગામમાં ભાજપનો ભવ્ય વિજય**

જાખોરા-રાજપૂત ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂટણીમાં સરપંચ તરીકે વિજયી થયેલ ભાજપના સક્રીય કાર્યકર કમલેશભાઈ પટેલે સમગ્ર ગ્રામજનોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે જાખોરામાં કોંગ્રેસના સમર્થકો ચૂંટાયા તેવું કોંગ્રેસના પ્રમુખનું નિવેદન તદ્દન ખોટું છે. સરપંચ તરીકે મારો ભવ્ય વિજય થયો છે અને સભ્યોમાં પણ ૮ પૈકી ૪ સભ્યો વિજયી થયા છે. બે સભ્યો નજીવા વોટથી હાર્યા છે. મારા પ્રચારની સમગ્ર કમાન મારા ગામના વતની સંસદીય સચિવ પુનમભાઈ મકવાણા તથા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલે સંભાળી હતી. પરિણામ બાદ ગામમાં ભવ્ય વિજય સરઘસ નિકળ્યું હતું અને સમગ્ર ગામ જીતની ખુશીમાં તરબોળ થયું હતું.